Tuesday
17.09.2024
*Volume :9 * Issue No.61
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત                વંદે માતરમ્                RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતનાં ગાંધીનગરમાં ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો (રિ-ઇન્વેસ્ટ)નું ઉદ્ઘાટન કર્યું

## "પ્રધાનમંત્રી સૂર્યા ઘર નિ:શુલ્ક વીજળી યોજના સાથે, ભારતનું દરેક ઘર ઊર્જા ઉત્પાદક બનવા જઈ રહ્યું છે"



"હરિયાળું ભવિષ્ય અને નેટ ઝીરો એ ભારતની પ્રતિબદ્ધતા છે"







## "શરૂઆતના સો દિવસમાં અમારી પ્રાથમિકતાઓ સ્પષ્ટપણે દેખાય છે. તે અમારી ઝડપ અને વ્યાપનું પણ પ્રતિબિંબ છે"











**ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો (રિ-ઇન્વેસ્ટ) અક્ષય ઊર્જાના ઉત્પાદન અને તેના અમલીકરણમાં ભારતની પ્રભાવશાળી પ્રગતિ પર પ્રકાશ પાડશે. જેમાં અઢી દિવસની કોન્ફરન્સ યોજાશે જેમાં દુનિયાભરના પ્રતિનિધિઓને આકર્ષવામાં આવશે. ઉપસ્થિત લોકો એક વ્યાપક કાર્યક્રમમાં જોડાશે, જેમાં મુખ્યમંત્રીસ્તરીય પૂર્ણ સત્ર, સીઇઓ રાઉન્ડટેબલ અને નવીન ધિરાણ, ગ્રીન હાઇડ્રોજન અને ભવિષ્યના ઊર્જા ઉકેલો પર વિશેષ ચર્ચા-વિચારણાનો સમાવેશ થાય છે. જર્મની, ઓસ્ટ્રેલિયા, ડેન્માર્ક અને નોર્વે પાર્ટનર કન્ટ્રી તરીકે આ ઇવેન્ટમાં ભાગ લઇ રહ્યું છે. ગુજરાત યજમાન રાજ્ય છે અને આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તેલંગાણા અને ઉત્તર પ્રદેશ ભાગીદાર રાજ્યો તરીકે ભાગ લઈ રહ્યા છે. અહીં એક પ્રદર્શન યોજાશે, જેમાં સરકારી અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ, સ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગજગતના મુખ્ય ખેલાડીઓ તરફથી અત્યાધુનિક નવીનતાઓ પ્રદર્શિત કરવામાં આવશે. આ પ્રદર્શન સ્થાયી ભવિષ્ય માટે ભારતની કટિબદ્ધતાને રેખાંકિત કરશે.**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો (રિ-ઈન્વેસ્ટ)નું ઉદઘાટન કર્યું. ૩-દિવસીય સમિટ ભારતની ૨૦૦ ગીગાવોટની સ્થાપિત બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતાની નોંધપાત્ર સિદ્ધિમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારાઓનું સન્માન કરવામાં આવ્યું. શ્રી મોદીએ સરકારી અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ, સ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગના મુખ્ય ખેલાડીઓ પાસેથી અત્યાધુનિક નવીનતાઓ પ્રદર્શિત કરતાપ્રદર્શનનું અવલોકન પણ કર્યું. જન મેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ રિ-ઈન્વેસ્ટ સમિટના ચોથા સંસ્કરણમાં તમામ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતોકે, ઊર્જા, ટેકનોલોજી અને નીતિઓનાં ભવિષ્ય પર આગામી ત્રણ દિવસમાં ગંભીર ચર્ચાઓ થશે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ પરિષદમાંથી થયેલી ચર્ચાઓ અને બોધપાઠથી સંપૂર્ણ માનવતાને લાભ થશે. તેમણે સફળ ચર્ચા માટે શુભેચ્છા પાઠવી હતી. પ્રધાનમંત્રીએ ૬૦ વર્ષ પછી રેકોર્ડ ત્રીજી વખત એક જ સરકારને ચૂંટી કાઢવા માટે ભારતનાં લોકોનાં જનાદેશ પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "ત્રીજી ટર્મ માટે સરકારની પુન:પસંદગી પાછળ ભારતની આકાંક્ષાઓ કારણભૂત છે." તેમણે ૧૪૦ કરોડ નાગરિકો, યુવાનો અને મહિલાઓનાં ભરોસા અને વિશ્વાસ પર પ્રકાશ પાડ્યો હતો, જેઓ માને છે કે આ ત્રીજા કાર્યકાળમાં તેમની આકાંક્ષાઓ નવી ઉડાન ભરશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગરીબો, દલિતો અને વંચિતો માને છે કે, સરકારનો ત્રીજો કાર્યકાળ પ્રતિષ્ઠિત જીવનની ગેરેન્ટી બની રહેશે. તેમણે કહ્યું હતું કે, ભારતનાં ૧૪૦ કરોડ નાગરિકો ભારતને દુનિયામાં ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવવાનાં સંકલ્પ સાથે કામ કરી રહ્યાં છે. આજનો કાર્યક્રમ અલગ-અલગ કાર્યક્રમ નથી, પણ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટેનાં મોટાં વિઝન, મિશન અને એક્શન પ્લાનનો એક ભાગ છે એબાબતનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કાર્યકાળનાં પ્રથમ ૧૦૦ દિવસમાં સરકારે લીધેલા નિર્ણયો પર પ્રકાશ પાડ્યો હતો. "પ્રથમ ૧૦૦ દિવસમાં સરકારનું કામ તેની પ્રાથમિકતાઓને પ્રકાશિત કરે છે અને ગતિ અને સ્કેલનું પ્રતિબિંબ આપે છે." પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતના ઝડપી વિકાસ માટે જરૂરી તમામ ક્ષેત્રો પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ ૧૦૦ દિવસોમાં દેશનાં ભૌતિક અને સામાજિક માળખાને વિસ્તૃત કરવા માટે અનેક નિર્ણયો લેવામાં આવ્યાં છે. તેમણે માહિતી આપી હતી કે, ભારત ૭ કરોડ મકાનોનું નિર્માણ કરવાના માર્ગે અગ્રેસર છે, જે ઘણાં દેશોની વસતિ કરતાં વધારે છે, જ્યારે છેલ્લાં બે ટર્મમાં ૪ કરોડ મકાનો લોકોને સુપરત કરવામાં આવ્યાં છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧૨ નવા ઔદ્યોગિક શહેરોની રચના કરવાનો નિર્ણય, ૮ હાઈ-સ્પીડ રોડ કોરિડોર પ્રોજેક્ટ્સ માટે મંજૂરી, ૧૫થી વધુ સેમી હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેનો શરૂ કરવી, સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ૧ ટ્રિલિયન રૂપિયાના સંશોધન ભંડોળની શરૂઆત, ઈ-મોબિલિટીને વેગ આપવા માટે વિવિધ પહેલોની જાહેરાત, હાઈ-પર્ફોર્મન્સ બાયોમેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન અને બાયો ઈ૩ નીતિને મંજૂરી આપવી સામેલ છે. છેલ્લાં ૧૦૦ દિવસમાં ગ્રીન એનર્જી ક્ષેત્રમાં થયેલા વિકાસ પર પ્રકાશ ફેંકતા પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, ૭,૦૦૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં ઓફશોર વિન્ડ એનર્જી પ્રોજેક્ટ્સ માટે વાયાબિલિટી ગેપ ફંડિંગ સ્કીમ શરૂ થઈ છે. તેમણે જણાવ્યું હતું કે, ભારત આગામી સમયમાં ૧૨,૦૦૦ કરોડ રૂપિયાનાં ખર્ચ સાથે ૩૧,૦૦૦ મેગાવોટ હાઈડ્રોપાવરનું ઉત્પાદન કરવાની દિશામાં કામ કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારતની વિવિધતા, વ્યાપ, ક્ષમતા, સંભવિતતા અને કામગીરી તમામ વિશિષ્ટ છે અને વૈશ્વિક ઉપયોગિતા માટે ભારતીય ઉકેલો માટે માર્ગ મોકળો કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ફક્ત ભારત જ નહીં, સમગ્ર વિશ્વ એવું માને છે કે ભારત ૨૧મી સદીનો શ્રેષ્ઠ દાવ છે." છેલ્લાં એક મહિનામાં ભારત દ્વારા આયોજિત વૈશ્વિક કાર્યક્રમોનો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ કહ્યું હતું કે, ચાલુ મહિનાની શરૂઆતમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટનું આયોજન થયું હતું, પ્રથમ આંતરરાષ્ટ્રીય સૌર મહોત્સવ, ગ્લોબલ સેમિકન્ડક્ટર સમિટમાં દુનિયાભરનાં લોકોએ ભાગ લીધો હતો, જેમાં ભારતે એશિયા-પેસિફિક નાગરિક ઉડ્ડયન મંત્રીસ્તરીય બીજી પરિષદનું પણ આયોજન કર્યું હતું અને આજે ભારત ગ્રીન એનર્જી કોન્ફરન્સનું આયોજન કરી રહ્યું છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, જે ગુજરાતમાં શ્વેત ક્રાંતિ, મીઠી (મધ) ક્રાંતિ, સૌર ક્રાંતિની શરૂઆત થઈ છે, અત્યારે ગુજરાતમાં ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પોનું આયોજન થયું છે, એ એક સુખદ સંયોગ છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "ગુજરાતભારતનું પહેલુંએવું રાજ્ય છે કે જેની પોતાની સૌર નીતિ છે." તેમણે ઉમેર્યું હતું કે, સૌર ઊર્જા પર રાષ્ટ્રીય નીતિઓ આ પછી અનુસરવામાં આવી હતી. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, આબોહવાને લગતી બાબતો સાથે સંબંધિત મંત્રાલયની સ્થાપનામાં ગુજરાત સમગ્ર દુનિયામાં મોખરે છે. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે દુનિયાએ સોલાર પ્લાન્ટ વિશે વિચાર્યું પણ નહોતું, ત્યારે ગુજરાતે સોલર પ્લાન્ટ્સ સ્થાપિત કરવાનું શરૂ કરી દીધું છે. કાર્યક્રમના સ્થળના નામ - મહાત્મા મંદિર તરફ આંગળી ચીંધીને શ્રી મોદીએ જણાવ્યું હતું કે, તેનું નામ મહાત્મા ગાંધીના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમણે જળવાયુ પડકારનો વિષય પણ ઊભો થયો ન હતો ત્યારે દુનિયાને સચેત કરી હતી. મહાત્માને ટાંકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "પૃથ્વી પાસે આપણી જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પર્યાપ્ત સંસાધનો છે, પણ આપણા લોભને સંતોષવા માટે નહીં." તેમણે ઉમેર્યું હતું કે, મહાત્મા ગાંધીનું આ વિઝન ભારતની મહાન પરંપરામાંથી બહાર આવ્યું છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, ગ્રીન ફ્યૂચર, નેટ ઝીરો જેવા શબ્દો ફેન્સી શબ્દો નથી, પણ કેન્દ્ર અને ભારતની દરેક રાજ્ય સરકારની જરૂરિયાતો અને પ્રતિબદ્ધતાઓ છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિકાસશીલ અર્થતંત્ર તરીકે ભારત પાસે આ કટિબદ્ધતાઓથી દૂર રહેવાનું વાજબી બહાનું હતું, પણ તેમણે એ માર્ગ પસંદ કર્યો નહોતો. જોકે તેમણે ઉમેર્યું હતું કે, "આજનું ભારત માત્ર આજ માટે જ નહીં, પણ આગામી હજાર વર્ષ માટે આધાર તૈયાર કરી રહ્યું છે."

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતનો ઉદ્દેશ માત્ર ટોચ પર પહોંચવાનો જ નથી, પણ ટોચ પર ટકી રહેવા આપણી જાતને સજ્જ કરવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારત વર્ષ ૨૦૪૭ સુધીમાં તેને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે તેની ઊર્જાની જરૂરિયાતો અને જરૂરિયાતોથી સારી રીતે વાકેફ છે. શ્રી મોદીએ યાદ અપાવ્યું હતું કે, ભારતે સૌર ઊર્જા, પવન ઊર્જા, પરમાણુ ઊર્જા અને હાઈડ્રો પાવર જેવી અક્ષય ઊર્જાનાં આધારે પોતાનાં ભવિષ્યનું નિર્માણ કરવાનો નિર્ણય લીધો છે, કારણ કે ઓઈલ-ગેસનાં ભંડારોની અછત છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત પેરિસમાં નિર્ધારિત આબોહવા પ્રત્યે કટિબદ્ધતાઓ હાંસલ કરનારો પ્રથમ જી-૨૦ દેશ છે, તે પણ સમયમર્યાદાનાં ૯ વર્ષ અગાઉ. શ્રી મોદીએ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ પુન:પ્રાપ્ય ઊર્જાનાં લક્ષ્યાંકને હાંસલ કરવાનાં દેશનાં લક્ષ્યાંકોની રૂપરેખા આપી હતી અને કહ્યું હતું કે, સરકારે ગ્રીન ટ્રાન્ઝિશનને જન આંદોલનમાં પરિવર્તિત કર્યું છે. તેમણે રૂફટોપ સોલાર - પીએમ સૂર્યા ઘર ફ્રી ઈલેક્ટ્રિસિટી સ્કીમ માટે ભારતની વિશિષ્ટ યોજનાનો અભ્યાસ કરવાનું સૂચન કર્યું હતું, જેમાં સરકાર દરેક પરિવાર માટે રૂફટોપ સોલર સેટઅપને ભંડોળ પૂરું પાડે છે અને ઈન્સ્ટોલેશનમાં મદદ કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ યોજના મારફતે ભારતમાં દરેક ઘર વીજળીનું ઉત્પાદન કરે છે. તેમણે માહિતી આપી હતી કે, આ યોજના હેઠળ ૧ કરોડ ૩૦ લાખથી વધારે પરિવારોએ નોંધણી કરાવી છે અને અત્યાર સુધીમાં ૩.૨૫ લાખ મકાનોમાં ઈન્સ્ટોલેશનનું કામ પૂર્ણ થયું છે. પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુક્ત વિદ્યુત યોજનાનાં પરિણામો તરફ ધ્યાન દોરતાં પ્રધાનમંત્રીએ સમજાવ્યું હતું કે, એક નાનો પરિવાર, જે એક મહિનામાં ૨૫૦ યુનિટ વીજળીનો વપરાશ કરે છે, ૧૦૦ યુનિટ વીજળીનું ઉત્પાદન કરે છે અને ગ્રીડને વેચે છે, તેને એક વર્ષમાં કુલ આશરે ૨૫,૦૦૦ રૂપિયાની બચત થશે. પીએમ મોદીએ કહ્યું કે, "વીજળીના બિલથી લોકોને લગભગ ૨૫ હજાર રૂપિયાનો ફાયદો થશે." પીએમ મોદીએ કહ્યું કે, બચાવેલા પૈસા એ કમાયેલા પૈસા છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જો બચેલી રકમ ૨૦ વર્ષ માટે પબ્લિક પ્રોવિડન્ટ ફંડમાં રોકવામાં આવે તો આખી રકમ ૧૦ લાખ રૂપિયાથી વધુ થાય છે જેનો ઉપયોગ બાળકોના શિક્ષણ અને લગ્ન માટે કરી શકાય છે. શ્રી મોદીએ વધુમાં ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી સૌર ઘર યોજના આશરે ૨૦ લાખ રોજગારીનું સર્જન કરતી રોજગારીનાં સર્જન અને પર્યાવરણનાં સંરક્ષણનું માધ્યમ બની રહી છે. પીએમ મોદીએ માહિતી આપતા કહ્યું કે, સરકારનું લક્ષ્ય આ યોજના હેઠળ ૩ લાખ યુવાનોને કુશળ માનવબળ તરીકે તૈયાર કરવાનું છે. તેમાંથી એક લાખ યુવાનો સોલાર પીવી ટેક્નિશિયન હશે. તેમણે કહ્યું હતું કે, "દર ૩ કિલોવોટ સૌર ઊર્જાનું ઉત્પાદન થાય છે, જે ૫૦-૬૦ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન અટકાવે છે." તેમણે જળવાયુમાં પરિવર્તન સામે લડવામાં દરેક પરિવારનાં પ્રદાનની નોંધ લીધી હતી. શ્રી મોદીએ કહ્યું હતું કે, "ભારતની સૌર ક્રાંતિને સુવર્ણ અક્ષરોમાં અંકિત કરવામાં આવશે, જ્યારે ૨૧મી સદીનો ઈતિહાસ લખાશે." ભારતના પ્રથમ સોલાર વિલેજ મોઢેરા વિશે પ્રકાશ પાડતા, જેમાં સદીઓ જૂનું સૂર્ય મંદિર પણ છે, શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આજે, ગામની તમામ જરૂરિયાતો સૌર ઊર્જા દ્વારા પૂર્ણ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, આજે દેશભરમાં આ પ્રકારનાં ઘણાં ગામોને સૌર ગામડાઓમાં પરિવર્તિત કરવા માટે એક અભિયાન ચાલી રહ્યું છે. સૂર્યવંશી ભગવાન રામના જન્મસ્થળ અયોધ્યા શહેર વિશે વાત કરતાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ શહેરની પ્રેરણાથી સરકાર અયોધ્યાને એક આદર્શ સોલર સિટી બનાવવાનું લક્ષ્ય ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પ્રયાસ સૌર ઊર્જા મારફતે અયોધ્યાનાં દરેક ઘર, દરેક કાર્યાલય અને દરેક સેવાને ઊર્જા પ્રદાન કરવાનો છે. શ્રી મોદીએ એ બાબતે ખુશી વ્યક્ત કરી હતી કે, અયોધ્યાની ઘણી સુવિધાઓ અને મકાનોમાં સૌર ઊર્જાનો સંચાર થયો છે, ત્યારે અયોધ્યામાં મોટી સંખ્યામાં સોલાર સ્ટ્રીટ લાઈટ્સ, સૌર ચોક, સૌર હોડીઓ, સૌર જળનાં એટીએમ અને સૌર ઈમારતો પણ જોવા મળ્યાં છે. પ્રધાનમંત્રીએ વધુમાં ધ્યાન દોર્યું હતું કે, સરકારે આ જ રીતે ભારતમાં આવાં ૧૭ શહેરોની ઓળખ કરી છે, જેને સૌર શહેરો તરીકે વિકસાવવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, કૃષિક્ષેત્રો, ખેતરોને સૌર ઊર્જા ઉત્પાદનનું માધ્યમ બનાવવાની યોજના છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજે ખેડૂતોને સિંચાઈ માટે સોલર પમ્પ અને નાના સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં મદદ મળી રહી છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત અક્ષય ઊર્જા સાથે સંબંધિત દરેક ક્ષેત્રમાં ખૂબ જ ઝડપથી અને મોટા પાયે કામ કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા દાયકામાં ભારતે અગાઉની સરખામણીએ પરમાણુ ઊર્જામાંથી ૩૫ ટકા વધુ વીજળીનું ઉત્પાદન કર્યું છે અને ભારત ગ્રીન હાઈડ્રોજનના ક્ષેત્રમાં વૈશ્વિક નેતા બનવા માટે પ્રયત્નશીલ છે. શ્રી મોદીએ આ દિશામાં આશરે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું ગ્રીન હાઈડ્રોજન મિશન શરૂ કરવાની વાત પર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, ભારતમાં વેસ્ટ ટુ એનર્જીનું એક મોટું અભિયાન પણ ચાલી રહ્યું છે. ખનિજો સાથે સંબંધિત પડકારોનું સમાધાન કરવા માટે લેવામાં આવેલા પગલાં પર ભાર મૂકીને શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકાર પુન:ઉપયોગ અને રિસાયક્લિંગ સાથે સંબંધિત શ્રેષ્ઠ ટેકનોલોજી વિકસાવવા સ્ટાર્ટ-અપ્સને ટેકો આપવાની સાથે સાથે એક પરિપત્ર અભિગમને પ્રોત્સાહન આપી રહી છે. પ્રધાનમંત્રી મોદીએ મિશન લાઈફ એટલે કે જીવનશૈલી ફોર એન્વાયર્નમેન્ટ ના ભારતના દ્રષ્ટિકોણને ઉજાગર કરતા કહ્યું હતું કે, "સરકાર ગ્રહ સમર્થક લોકોના સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધ છે." તેમણે ભારતની આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધનની પહેલ, ભારતના જી-૨૦ના અધ્યક્ષતા દરમિયાન ગ્રીન ટ્રાન્ઝિશન પર ધ્યાન કેન્દ્રિત કરવા અને જી-૨૦ સમિટ દરમિયાન ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ ના પ્રારંભનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, "ભારતે આ દાયકાના અંત સુધીમાં તેની રેલવેને ચોખ્ખી શૂન્ય બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે." તેમણે ઉમેર્યું હતું કે, ભારતે ૨૦૨૫ સુધીમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાનો નિર્ણય લીધો છે. તેમણે જળ સંરક્ષણ માટે ઉપયોગમાં લેવાતા દરેક ગામમાં હજારો અમૃત સરોવરનો ઉલ્લેખ પણ કર્યો હતો. પીએમ મોદીએ 'એક પેડ મા કે નામ' અભિયાનનો ઉલ્લેખ કર્યો અને દરેકને આ પહેલમાં જોડાવાનો આગ્રહ કર્યો. ભારતમાં પુન:પ્રાપ્ય ઊર્જાની વધતી જતી માગની નોંધ લઈને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકાર આ માગને પહોંચી વળવા નવી નીતિઓ ઘડી રહી છે અને દરેક રીતે ટેકો પૂરો પાડી રહી છે.

સંબોધનના સમાપનમાં પ્રધાનમંત્રીએ માત્ર ઊર્જા ઉત્પાદન જ નહીં, પણ ઉત્પાદન ક્ષેત્રમાં પણ રોકાણકારો માટે પ્રચૂર તકો પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારત સંપૂર્ણપણે મેડ ઈન ઈન્ડિયા સોલ્યુશન્સ માટે આતુર છે અને ઘણી શક્યતાઓ ઊભી કરી રહ્યું છે. ભારત ખરા અર્થમાં વિસ્તરણ અને વધુ સારા વળતરની ગેરંટી છે." શ્રી મોદીએ અંતમાં જણાવ્યું હતું કે, તેમણે ભારતના હરિયાળા સંક્રમણમાં રોકાણને આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે ગુજરાતનાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય નવીન અને પુન:પ્રાપ્ય ઊર્જા મંત્રી શ્રી પ્રહલાદ જોશી, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ગોવાનાં મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



કમલમ્ ન્યુઝ,

કડાણા તાલુકાના ડીટવાસ જીલ્લા પંચાયતના લીમજીના મુવાડા ખાતે અને કરવાઈ મુકામે સરપંચશ્રીના નિવાસ સ્થાને ભારતીય જનતા પાર્ટીના સદસ્યતા અભિયાન ૨૦૨૪ અંતર્ગત વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે ભાજપના પ્રાથમિક સભ્યપદ નોંધવાની સ્પેશિયલ ડ્રાઈવ ચલાવી મત વિસ્તારના મતદારોને વ્યક્તિગત સભ્ય નોંધણી કરાવી. આ તકે તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, APMC ના ચેરમેનશ્રી શાંતિલાલ પટેલ, તાલુકા મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલીયા, સંજ્યભાઇ, પોપટભાઈ ડિંડોર, સહિત પાર્ટીના કાર્યકર્તાઓ, હોદ્દેદારો, સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

સંતરામપુર તાલુકાના ભંડારા રાયડુંગરી ફળિયા અને ઘટલાઈ ફળિયા મુકામે ભારતીય જનતા પાર્ટીના સદસ્યતા અભિયાન ૨૦૨૪ અંતર્ગત વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે ભાજપના પ્રાથમિક સભ્યપદ નોંધવાની સ્પેશિયલ ડ્રાઈવ ચલાવી મત વિસ્તારના મતદારોને વ્યક્તિગત સભ્ય નોંધણી કરાવી. સાથે ગામના વડીલો સાથે શુભેચ્છા મુલાકાત લઈ ખબર અંતર પૂછ્યા. આ તકે તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, તાલુકા મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલીયા, ભંડારા ગામના સરપંચશ્રી ભલાભાઈ ડિંડોર સહિત પાર્ટીના કાર્યકર્તાઓ, હોદ્દેદારો, સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



દૂર દેશી અને દ્રષ્ટિવંત સમર્પણ ભાવ નેતૃત્વ થી
ભારત દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવશાળી
બનાવનાર વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના
જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ....

રાકેશ વાળા
દક્ષિણ-ગુજરાત બ્યુરોચીફ
કમલમ્ અખબાર


દૂર દેશી અને દ્રષ્ટિવંત સમર્પણ ભાવ નેતૃત્વ થી
ભારત દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવશાળી
બનાવનાર વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના
જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ....

ધાર્મિક ભટ્ટ
અરવલ્લી-જીલ્લા બ્યુરોચીફ
કમલમ્ અખબાર


દૂર દેશી અને દ્રષ્ટિવંત સમર્પણ ભાવ નેતૃત્વ થી
ભારત દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવશાળી
બનાવનાર વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના
જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ....

પટેલ મયુર
મહુવા(બારડોલી)-તાલુકા ચીફ
કમલમ્ અખબાર


દૂર દેશી અને દ્રષ્ટિવંત સમર્પણ ભાવ નેતૃત્વ થી
ભારત દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવશાળી
બનાવનાર વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના
જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ....

બીના પટેલ
આણંદ-ચીફબ્યુરો
કમલમ્ અખબાર


દૂર દેશી અને દ્રષ્ટિવંત સમર્પણ ભાવ નેતૃત્વ થી
ભારત દેશને સમગ્ર વિશ્વમાં ગૌરવશાળી
બનાવનાર વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના
જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ....

રાકેશ ક્ષત્રિય
અમદાવાદ-ચીફબ્યુરો
કમલમ્ અખબાર


# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તમિલનાડુનાં તુતીકોરિન આંતરરાષ્ટ્રીય કન્ટેનર ટર્મિનલનાં ઉદઘાટન પ્રસંગે સંબોધન કર્યું

**"ત્રણ મુખ્ય બંદરો અને ૧૭ બિન-મુખ્ય બંદરો સાથે, તમિલનાડુ દરિયાઇ વેપાર માટે એક મુખ્ય કેન્દ્ર બની ગયું છે"**

## "ભારત વૈશ્વિક પુરવઠા સાંકળમાં મુખ્ય હિસ્સેદાર બની રહ્યું છે અને આ વધતી ક્ષમતા એ આપણા આર્થિક વિકાસનો પાયો છે"



"નવીનીકરણ અને જોડાણ તેની વિકાસ યાત્રામાં ભારતની સૌથી મોટી તાકાત છે"

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો સંદેશ મારફતે તુતીકોરિન ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલના ઉદ્‌ઘાટનને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, અત્યારે ભારતની વિકસિત રાષ્ટ્ર બનવાની દિશામાંની સફરમાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે તથા તેમણે નવા તુતીકોરિન ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલને 'ભારતનાં દરિયાઈ માળખાનાં નવા સિતારા' તરીકે બિરદાવ્યું હતું. વી.ઓ. ચિદમ્બરનાર બંદરગાહની ક્ષમતા વધારવામાં પોતાની ભૂમિકા પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "૧૪ મીટરથી વધારે ઊંડો ડ્રાફ્ટ અને ૩૦૦ મીટરની લંબાઈ ધરાવતી બર્થની સાથે આ ટર્મિનલ વીઓસી બંદરની ક્ષમતા વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે." તેમણે વધુમાં ઉમેર્યું કે નવા ટર્મિનલથી બંદર પર લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થવાની અને ભારત માટે વિદેશી વિનિમયની બચત થવાની અપેક્ષા છે. તેમણે તમિલનાડુનાં લોકોને અભિનંદન આપ્યાં હતાં અને વીઓસી બંદર સાથે સંબંધિત કેટલાંક પ્રોજેક્ટને યાદ કર્યા હતાં, જેની શરૂઆત બે વર્ષ અગાઉ તેમની મુલાકાત દરમિયાન થઈ હતી. તેમણે ઝડપથી પૂર્ણ થવા પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ટર્મિનલની મુખ્ય સિદ્ધિઓમાંની એક છે લૈંગિક વિવિધતા પ્રત્યેની તેની કટિબદ્ધતા, જેમાં ૪૦ ટકા કર્મચારીઓ મહિલાઓ છે, જે દરિયાઈ ક્ષેત્રમાં મહિલાઓનાં નેતૃત્વમાં વિકાસનું પ્રતીક છે. ભારતના આર્થિક વિકાસને વેગ આપવામાં તમિલનાડુના દરિયાકિનારાએ ભજવેલી મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો સ્વીકાર કરીને શ્રી મોદીએ નોંધ્યું હતું કે, "ત્રણ મુખ્ય બંદરો અને ૧૭ બિન-મુખ્ય બંદરો સાથે તમિલનાડુ દરિયાઈ વેપારનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે."તેમણે ઉમેર્યું હતુંકે, બંદર-સંચાલિત વિકાસને વધુ વેગ આપવા ભારત આઉટર હાર્બર કન્ટેનર ટર્મિનલનાં વિકાસમાં રૂ. ૭,૦૦૦ કરોડથી વધારેનું રોકાણ કરી રહ્યું છે તથા વીઓસી બંદરની ક્ષમતામાં સતત વધારો થઈ રહ્યો છે.

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "વી.ઓ.સી. બંદર ભારતના દરિયાઇ વિકાસમાં એક નવું પ્રકરણ લખવા માટે તૈયાર છે." શ્રી મોદીએ ભારતનાં વિસ્તૃત દરિયાઈ અભિયાન વિશે વાત કરી હતી, જે માળખાગત વિકાસથી પણ આગળ છે. તેમણે જણાવ્યું હતું કે, "ભારત વિશ્વને સાતત્યપૂર્ણ અને ભવિષ્યલક્ષી વિકાસનો માર્ગ બતાવી રહ્યું છે."તેમણે જણાવ્યું હતું કે વી.ઓ.સી. બંદરને ગ્રીન હાઈડ્રોજન હબ અને ઓફશોર વિન્ડ એનર્જી માટે નોડલ બંદર તરીકે માન્યતા આપવામાં આવી રહી છે. આ પહેલો આબોહવામાં પરિવર્તનના વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "નવીનીકરણ અને જોડાણ ભારતની વિકાસલક્ષી સફરમાં સૌથી મોટી તાકાત છે." પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ટર્મિનલનું ઉદઘાટન એ સામૂહિક તાકાતનો પુરાવો છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત હવે માર્ગ, રાજમાર્ગો, જળમાર્ગો અને હવાઈ માર્ગોનાં વિસ્તૃત નેટવર્ક સાથે સારી રીતે જોડાઈ ગયું છે, જે વૈશ્વિક વેપારમાં રાષ્ટ્રની સ્થિતિને મજબૂત કરે છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભારત વૈશ્વિક પુરવઠા શ્રુંખલામાં મુખ્ય હિસ્સેદાર બની રહ્યું છે અને આ વધતી ક્ષામતા આપણી આર્થિક વૃદ્ધિનો પાયો છે." શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કરીને પોતાનું સંબોધન પૂરું કર્યું હતું કે, આ ગતિ ભારતને ટૂંક સમયમાં જ દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ દોરી જશે અને તમિલનાડુ આ વૃદ્ધિને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.



કમલમ્ ન્યુઝ,બીના પટેલ.

આણંદ જિલ્લા ના આંકલાવ શહેર ભાજપ કાર્યકર્તા શ્રી વિશાલ પટેલ દ્વારા નવીનતમ અભિગમ નો ઉપયોગ કરી ભારતીય જનતા પાર્ટી નાં સદસ્યતા અભિયાન ૨૦૨૪ અંતર્ગત પૌરાણિક જલ જીલણી અગિયારસ નાં મેળા માં સદસ્યતા નોંધણી કેન્દ્ર ખીલી ને લોકો ને ભાજપ સાથે જોડાવવા માટે તથા ભાજપ ને મજબૂત બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા જેમાં આંકલાવ શહેર ઉપપ્રમુખ શ્રી વિપુલ ગૂહા, શ્રી ઊર્મિલા પંચાલ, મંત્રી શ્રી સંજ્યભાઈ પટેલ, તાલુકા કિશાન મોરચા મહામંત્રી શ્રી પરેશ શાહ, આંકલાવ શહેર યુવા પ્રમુખ શ્રી મિહિર શાહ, ગુજરાત રાજ્ય યુવા બોર્ડ સંયોજક શ્રી ભાવિક પટેલ, મહિલા મોરચા મહામંત્રી શ્રીમતી નીરૂબેન દરજી, શ્રીમતી પન્નાબેન સોલંકી, બક્ષીપંચ મોરચા પ્રમુખ શ્રી હિતેશ દરજી, મહામંત્રી શ્રી સંજય મોચી, કિશાન મોરચા ઉપપ્રમુખ શ્રી મુકેશ પટેલ, કિશાન મોરચા કોષાધ્યક્ષ શ્રી રજની પટેલ, જીલ્લા રમત ગમત સેલ શ્રી રાહુલ મોચી, શ્રી અજય પટેલ, શ્રી મિલન પટેલ, શ્રી હિતેશ પટેલ , શ્રી યોગેશ પઢિયાર, શ્રી તુષાર પટેલ, સહિત કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

સંતરામપુર નગરના મહુડી ફળિયામાં "અલખ ગ્રુપ" વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે ગણેશ મહોત્સવમાં ભકતજનોના ઉમંગ અને ઉલ્લાસમાં સહભાગી થઈને વિઘ્નેશ્વર ગજાનંદ ગણપતિના ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક દર્શન, આરતી અને પૂજન કરી ધન્યતા અનુભવી. આ વેળાએ દર્શન કરવા આવેલા નગરજનોનું અભિવાદન ઝીલી વાત્સલ્ય ભાવથી ભૂલકાંઓ અને વિધાનસભાના પરિજનો સાથે હળવી પળો માણી. પ્રથમ પૂજનીય ગણેશજી સમક્ષ જન-જનની સુખાકારી માટે મંગલકામના કરી. આ તકે તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઇ વળવાઈ, તાલુકા મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલીયા, ડો. ઝોઝા સાહેબ સહિત ગણપતિ મંડળના આયોજકો, ભકતજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

કડાણા તાલુકાના ડીટવાસ ખેડા ફળિયા મુકામે શ્રી કમલેશભાઈ રત્નાભાઈ ડામોરના ધર્મપત્ની સ્વ. ઇન્દિરાબેન કમલેશભાઈ ડામોરના નિવાસ સ્થાને આયોજીત બેસણામાં વિસ્તારના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોર સાહેબ હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અને તેમનાં પરિવારજનોને સાંત્વના પાઠવી. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્યાત્માને ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણથી પ્રાર્થના. આ તકે તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઇ વળવાઈ, APMC ના ચેરમેન શ્રી શાંતિલાલ પટેલ, તાલુકા મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલીયા, પોપટભાઈ ડિંડોર, પૂર્વ સરપંચશ્રી સંજ્યભાઈ, પર્વતભાઇ ડામોર, ગામના વડીલો સહિત પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરી

**મંત્રાલય દેશનાં તમામ જિલ્લાઓમાં ઇએસઆઇસીની સેવાઓ અને લાભનું વિસ્તરણ કરવા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે મળીને કામ કરી રહ્યું છેઃ ડો. માંડવિયા**



ઇએસઆઇસી/ઇએસઆઈએસ લાભાર્થીઓને એબી-પીએમજેએવાય સાથે પેનલમાં સામેલ ૩૦,૦૦૦થી વધારે હોસ્પિટલોમાં ગુણવત્તાયુક્ત તબીબી સુવિધાઓ સુલભ થશેઃ કેન્દ્રીય મંત્રી

**"એનસીએસ પોર્ટલને એઆઇ સાથે અપગ્રેડ કરવા અને તેને ઇ-શ્રમ સાથે સંકલિત કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે, જેથી રોજગારી સાથે મેળ ખાતી ક્ષમતાઓમાં વધારો થઈ શકે"**

**સરકાર શ્રમ સુધારણા, ગુણવત્તાયુક્ત રોજગાર નિર્માણ, શ્રમ કલ્યાણ અને તમામ કામદારો માટે સામાજિક સુરક્ષા માટે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સહયોગ વધારવા પ્રતિબદ્ધ છે**

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ૦૫ પશ્ચિમી રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશો (કેન્દ્રશાસિત પ્રદેશો) સાથે શ્રમ સુધારણા અને રોજગારી પર પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરી હતી. આજે ગુજરાતના રાજકોટમાં મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ તથા લક્ષદ્વીપ. શ્રમ અને રોજગારીના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે રાષ્ટ્રવ્યાપી શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા આયોજિત છ પ્રાદેશિક બેઠકોની શ્રૃંખલામાં આ ત્રીજી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શ્રમ સુધારણા, ઈ-શ્રમ, મકાન અને અન્ય બાંધકામ કામદારો (બીઓસીડબ્લ્યુ), રાષ્ટ્રીય કારકિર્દી સેવા (એનસીએસ) પોર્ટલ, રોજગાર નિર્માણ અને માપન તથા કર્મચારી રાજ્ય વીમા નિગમ/યોજના (ઈએસઆઈસી/ઈએસઆઈસી) જેવા મુખ્ય મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ડો. મનસુખ માંડવિયાએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત સરકાર સંગઠિત અને અસંગઠિત એમ બંને ક્ષેત્રોમાં તમામ કામદારોને વ્યાપક અને સરળતાથી સુલભ સામાજિક સુરક્ષા કવચ પ્રદાન કરવા કટિબદ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મંત્રાલય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે મળીને દેશનાં તમામ જિલ્લાઓમાં ઈએસઆઈસીનાં લાભ અને સેવાઓ વધારવા કામ કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુણવત્તાયુક્ત સેવાઓની સુલભતા ધરાવતા લાભાર્થીઓને સુવિધા પ્રદાન કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) સહિત ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈટી)નો લાભ લેવા માટે કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે વિસ્તૃત સંકલનની તાતી જરૂરિયાત છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, ઈએસઆઈસીનાં ધનવંતરી પોર્ટલને વૈશ્વિક ધારાધોરણોને અનુરૂપ અદ્યતન ડેટા મેનેજમેન્ટ માટે મજબૂત કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ઈએસઆઈએસ અને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબી-પીએમજેએવાય) વચ્ચે સમન્વય સ્થાપિત કરવાની યોજના છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આ નીતિ અંતર્ગત ઈએસઆઈસી/ઈએસઆઈએસ લાભાર્થીઓને એબી-પીએમજેએવાય સાથે જોડાયેલી ૩૦,૦૦૦થી વધારે હોસ્પિટલોમાં ગુણવત્તાયુક્ત તબીબી સુવિધાઓ ઉપલબ્ધ થશે. આનાથી સરકારી, જાહેર ક્ષેત્ર અને ખાનગી હોસ્પિટલો દ્વારા આપવામાં આવતી સેવાઓની સુલભતાના સંદર્ભમાં તફાવત દૂર થશે, જેથી લાભાર્થીઓને કોઈપણ પેનલમાં સામેલ હોસ્પિટલમાં અસરકારક રીતે સારવાર પ્રાપ્ત કરવાની મંજૂરી મળશે, "તેમણે વધુમાં જણાવ્યું હતું. ડો. માંડવિયાએ એનસીએસ પોર્ટલના ઉપયોગમાં નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો, જે નોકરીની શોધ અને મેચિંગ, કારકિર્દી પરામર્શ, વ્યાવસાયિક માર્ગદર્શન વગેરે જેવી વિવિધ જાહેર રોજગાર સેવાઓ પ્રદાન કરે છે. તેમણે જણાવ્યું હતું કે, એનસીએસ પર ૧૬ લાખથી વધારે સક્રિય ખાલી જગ્યાઓ ઉપલબ્ધ છે અને અત્યાર સુધીમાં ૩ કરોડથી વધારે ખાલી જગ્યાઓ ઊભી કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારત સરકાર એનસીએસ પોર્ટલને એઆઇ સહિતની અત્યાધુનિક ટેકનોલોજી સાથે અપગ્રેડ કરવા અને તેને ઈ-શ્રમ સાથે સંકલિત કરવાની દિશામાં કામ કરી રહી છે, જેથી સંગઠિત અને અસંગઠિત એમ બંને ક્ષેત્રોમાં જોબ-મેચિંગની દ્રષ્ટિએ નોકરીદાતાઓ અને નોકરી શોધનારાઓ માટે તેને પસંદગીનું સ્થળ બનાવી શકાય. કેન્દ્રીય મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્ર સરકારે રોજગારી સાથે સંબંધિત વધારે સચોટ ડેટા સમયસર એકત્રિત કરવા માટે એક વ્યવસ્થા સ્થાપિત કરવા સંયુક્તપણે કામ કરવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, આ ડેટાને અદ્યતન વિશ્લેષણો, સિમ્યુલેશન, આગાહી અને મોડલિંગથી સજ્જ કેન્દ્રીકૃત ડેશબોર્ડમાં ફીડ કરવું જોઈએ, જે કેન્દ્ર અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે સુલભ હશે, આમ, રોજગારીના સર્જન માટે વધુ અસરકારક નીતિઓ ઘડવામાં તેમને સુવિધા પૂરી પાડશે, એમ તેમણે જણાવ્યું હતું. ડો. માંડવિયાએ જણાવ્યું હતું કે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો મોટા ભાગના કલ્યાણ, સામાજિક સુરક્ષા અને રોજગાર યોજનાઓ/પગલાં માટે અમલીકરણ એજન્સીઓ છે અને તેથી, તેમના કાન જમીન પર છે, તેથી તેઓએ યોજનાઓના લાભાર્થીઓ પાસેથી પ્રતિસાદ એકત્રિત કરવાની પદ્ધતિને મજબૂત બનાવવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રકારની યોજનાઓ/પગલાંની ડિઝાઈન અને અમલીકરણમાં સતત સુધારો કરવા માટે આ પ્રકારનાં પ્રતિભાવો, અનુભવો, પડકારો અને શ્રેષ્ઠ પદ્ધતિઓ વહેંચવા માટે કેન્દ્ર અને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે અવારનવાર સંવાદ સ્થાપિત કરવાની જરૂર છે. શ્રમ અને રોજગાર (એલએન્ડઈ)ના સચિવ સુશ્રી સુમિતા દાવરાએ શ્રમ સુધારાઓના અમલીકરણને ઝડપી બનાવવા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્ર સરકાર વચ્ચે વધુ સહયોગની જરૂરિયાત પર ભાર મૂકીને બેઠકનો સંદર્ભ આપ્યો હતો, જે માટે ભારત સરકારે ૨૯ શ્રમ કાયદાઓને ૦૪ શ્રમ સંહિતાઓમાં આધુનિક બનાવવા, સરળ બનાવવા અને એકીકૃત કરવાની સીમાચિહ્નરૂપ પહેલ કરી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની કાર્યકારી વયની વસતિ કુલ વસતિમાં આશરે ૬૫ ટકા જેટલી થવાનો અંદાજ છે એ વાત પર ભાર મૂકતાં સુશ્રી દાવરાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત સરકાર ગુણવત્તાયુકત રોજગારીનું સર્જન અને કૌશલ્ય વિકાસને સુલભ બનાવવા માટે કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતુંકે, "ભારતસરકારે કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૦૨૫માં રૂ. ૨ લાખ કરોડના ખર્ચ સાથે ૦૫ એમ્પ્લોયમેન્ટ લિંકડ ઈન્સેન્ટિવ (ઈએલઆઈ) યોજનાઓની જાહેરાત કરી છે, જેનો બેવડો ઉદ્દેશ ઔપચારિક રોજગાર પેદા કરવામાં વ્યવસાયોને ટેકો આપવાનો છે, જ્યારે યુવાનોને કૌશલ્ય, ગુણવત્તાયુકત નોકરીઓ અને સામાજિક સુરક્ષા મેળવવા માટે સશકત બનાવવાનો છે." એલએન્ડઈના સચિવે ઈ-શ્રમ પોર્ટલની પ્રગતિ અંગે ચર્ચા કરી હતી અને નોંધ્યું હતું કે, વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીમાં ૩૦ કરોડથી વધારે અસંગઠિત કામદારોએ નોંધણી કરાવી છે. તેમણે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને પોર્ટલ સાથે સંકલન સાધવા વિનંતી કરી હતી, જેમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫માં દર્શાવ્યા મુજબ કલ્યાણકારી યોજનાઓની સુલભતા પ્રદાન કરવામાં તેની ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો હતો. વધુમાં, તેમણે ડેટા-સંચાલિત આયોજનમાં બોસીડબ્લ્યુ એમઆઈએસ પોર્ટલની ભૂમિકા પર ભાર મૂકયો હતો અને રાજ્યોને કામદારોના ડેટાને અપડેટ કરવા અને શૈક્ષણિક માળખા સહિત બીઓસી કામદારોના કલ્યાણ માટે ભંડોળના ઉપયોગને ઝડપી બનાવવા વિનંતી કરી હતી. આ બેઠકનું સમાપન રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોનાં પ્રતિનિધિઓ સાથે થયું હતું, જેમાં તેમણે શ્રમ અને રોજગારીનાં મુખ્ય મુદ્દાઓ પર તેમનાં વિચારો, સૂઝબૂઝ અને શ્રેષ્ઠ પદ્ધતિઓ વહેંચી હતી. તેમણે પ્રાદેશિક બેઠકો મારફતે તેમની સાથે સંપર્ક કરવા બદલ અને તેમના સંબંધિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહેલા સુધારાઓના અમલીકરણમાં વધારે ટેકો આપવા બદલ ભારત સરકારની પ્રશંસા કરી હતી. એલએન્ડ ઈના અધિક સચિવ શ્રી કમલ કિશોર સોને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓએ ભાગ લેવા બદલ તેમનો આભાર વ્યકત કર્યો હતો અને બેઠકના સફળ આયોજનમાં સહકાર આપવા બદલ રાજકોટ વહીવટીતંત્રની પ્રશંસા કરી હતી. હવે પછીની બેઠક રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે પ્રાદેશિક ચર્ચાવિચારણાની ચાલુ શ્રેણીની છે, જે આગામી સપ્તાહમાં પૂર્વનાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે ભુવનેશ્વરમાં યોજાશે.




## મહેશ એન. પટેલ

કમલમ્ તંત્રી
મો.૯૮૨૪૯ ૧૦૬૦૬

# ગાંધીનગર સેકટર- ૧ ખાતેથી મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ- ૨ નો આરંભ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરાયો

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આજે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટ ફેઝ- ૨ ( મોટેરા-ગાંધીનગર) નો આરંભ કરાવ્યો હતો. મેટ્રો રેલના આરંભ બાદ વડાપ્રધાનશ્રીએ સેકટર- ૧ સ્ટેશનથી ગીફટ સીટી સુધી મેટ્રો રેલમાં મુસાફરી કરી હતી. વડાપ્રધાનશ્રીએ વિવિધ સ્ટેશન ખાતે નાગરિકોનું અભિવાદન પણ ઝીલ્યું હતું.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવ્યા છે. ચોથા વૈશ્વિક નવીકરણીય સંમેલન અને એક્સ્પો : રી ઈન્વેસ્ટ નો મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે શુભારંભ કરાવ્યો હતો. ત્યારબાદ આજે બપોરના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે મેટ્રો રેલ પ્રોજેકટના ફેઝ- ૨ એટલે કે મોટેરા થી ગાંધીનગર સુધીના મેટ્રો રેલનો આરંભ કરાવામાં આવ્યો હતો. વડાપ્રધાનશ્રીએ સેકટર- ૧ ખાતે આવેલા મેટ્રો રેલના સ્ટેશન ખાતે મેટ્રો રેલનો આરંભ કરાવવા પહોંચ્યા હતા. તે સમયે સ્થાનિક નગરજનો દ્વારા દેશના વડાપ્રધાન અને ગુજરાતના સપુત શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવા માટે ઉમટી પડ્યા હતા. દેશના વડાપ્રધાનશ્રીનું સ્વાગત ઢોલ, નગારા, ત્રાંસ્વ, ઘંટારવ ગુંજારવથી સેકટર- ૧ ના મેટ્રો રેલ સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ સર્વે નાગરિકોનું અભિવાદન, વંદન કરીને અને હાથ હલાવી ઝીલ્યું હતું.

મોટેરા થી ગાંધીનગરના ફેઝ- ૨ મેટ્રો રેલનો આરંભ કરાવતાં પહેલા વડાપ્રધાનશ્રીએ રેલ સ્ટેશનની મુલાકાત લીધી હતી. તેની સુવિધાઓ સહિત અન્ય વિસ્તૃત માહિતી મેળવી હતી.

મેટ્રો રેલનો આરંભ કરાવ્યા બાદ તેમણે મેટ્રો રેલમાં બેસીને મુસાફરી કરી હતી. વડાપ્રધાન શ્રી સાથે મેટ્રો રેલની મુસાફરીમાં ગુજરાત રાજયના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ગાંધીનગર(દ) ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર, દહેગામના ધારાસભ્ય શ્રી





બલરાજસિંહ ચૌહાણ સહિત મહાનુભાવો અને અધિકારીઓ જોડાયા હતા. આ મેટ્રો રેલની મુસાફરી દરમિયાન વડાપ્રધાનશ્રીએ તેમની મુસાફરીમાં સહભાગી બનેલા શાળા-કોલેજના અગિયાર વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. મેટ્રો રેલ રાંદેસણ સ્ટેશન પાસે પહોંચી હતી, ત્યારે સ્થાનિક નાગરિકો સહિત વિદ્યાર્થીઓએ તેમનું સ્વાગત રાષ્ટ્ર ધ્વજ લહેરાવી અને હાથ હલાવીને કર્યું હતું.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N. Patel. •Printed At :-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028